રજુ કર્યા તારીખ :૨૧/૮/૨૦૨૦
નોંધણી કર્યા તારીખઃ૨૩/૯/૨૦૨૦
નિર્ણય કર્યા તારીખઃ૧/૭/૨૦૨૨
સમયગાળોઃ વર્ષ, માસ, દિવસ

---

**અમદાવાદના મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં**

---

**ક્રિ.કેસ નં. ૫૧૬૫૬/૨૦૨૦**

**આંકઃ—૧૫**

ફરીયાદીઃ— સ ર કા ર
વિરુધ્ધ
તો.દારઃ— ૧ આમીરખાન ઉર્ફે આસીફ યુસુફખાન પઠાણ,
રહે.મ.નં.૪૨, જહાંગીર મીલની ચાલી,
દેવજીપુરા પોલીસ લાઈનની બાજુમાં,
દેવજીપુરા, અમદાવાદ.

**ઈ.પી.કો.કલમ—૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪**
**તથા જી.પી.એકટ કલમ—૧૩૫(૧) મુજબ.**
**ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી**
**આરોપી તરફે વિ.વ.શ્રી ટી.એમ.શેખ**

## ઠ રા વ

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તાઃ૧૩/૩/૨૦૨૦ ના રોજ કલાક ૨૦.૧૫ વાગે દેવજીપુરા ખાતે આવેલ ગવર્મેન્ટ'એ' કોલોનીના ઝાંપા આગળ આ કામના ચાર્જસીટ આંક.૧ ના કોલમ નંબરઃ૧ માં દર્શાવેલ આરોપી નં.૧ આમીરખાન ઉર્ફે આસીફ પઠાણ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર

અનીશાખાન યુસુફખાન પઠાણનાઓ ફરીયાદી તથા સાહેદ અકબરભાઈના દીકરા અમનને ગંદી ગાળો બોલતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા, આરોપીઓએ ફરીયાદી સાથે ઝગડો તકરાર કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, આરોપી લોખંડનો તાવીતો લઈ આવી તેના વડે ફરીયાદીને કમરાના ભાગે મારી સ્વેચ્છાપુર્વક વ્યથા પહોચાડી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, મે. પોલીસ કમીશનરશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આરોપી આમીરખાન તથા કાયદાના સંઘર્ષમાં બાળ કિશોરે સમાન હેતુથી એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કો.ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે. જે અંગે માધવપુરા પોલીસ સ્ટેશન તરફથી તપાસને અંતે આરોપી નં.૧ સામેનું ઉપરોકત ગુના સબબ ચાર્જસીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે,જયારે બાળકિશોરનાઓને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ખાતે હાજર રાખેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ – ૨૦૭ અન્વયે ધોરણસર ચાર્જસીટની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપી સામે આંક.૩ થી તહોમતનામુ ફરમાવી,આરોપીની આંક. ૪ થી પ્લી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.જેથી મજકુર કામમાં ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે ફરીયાદી શરીફ શેરમોહમંદ કટીયાને આંક.૬ થી તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન ફરીયાદ આંક.૭ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે વધુ કોઈ પુરાવો આપવા માંગતા નથી તે અંગેની પુરસીસ આંક.૧૪ થી રજુ રાખેલ છે.

(૪) બચાવપક્ષના વિ.વકીલશ્રીએ પોલીસ સ્ટેશન ચાર્જ અમલદાર રીપોર્ટ, સી.એમ.ઓ.રીપોર્ટ, સારવાર કરી સર્ટીફીકેટ આપવા લખેલ યાદી, ગુનાવાળી જગ્યાનું પંચનામું, આરોપી પાસેથી મુદ્દામાલ હથીયાર કબજે કર્યાનું પંચનામું, ઈન્જરી સર્ટીફીકેટને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તે અંગેનો શેરો કરી આપતા સદર દસ્તાવેજોને અનુક્રમે આંક. ૮ થી આંક.૧૩ સુધી આપવામાં આવેલ છે.

(૫) આમ, સમગ્ર પુરાવો વાંચતા આરોપીઓ સામે પુરાવો ન હોઈ, ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાનમાં લેતા મારા નીર્ણય માટે નીચે મુજબના નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુ દ્દા ઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, તાઃ૧૩/૩/૨૦૨૦ ના રોજ કલાક ૨૦.૧૫ વાગે દેવજીપુરા ખાતે આવેલ ગવર્મેન્ટ'એ' કોલોનીના ઝાંપા આગળ આ કામના ચાર્જસીટ આંક.૧ ના કોલમ નંબરઃ૧ માં દર્શાવેલ આરોપી ં.૧ આમીરખાન ઉર્ફે આસીફ પઠાણ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર અનીશાખાન યુસુફખાન પઠાણનાઓ ફરીયાદી તથા સાહેદ અકબરભાઈના દીકરા અમનને ગંદી ગાળો બોલતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા, આરોપીઓએ ફરીયાદી સાથે ઝગડો તકરાર કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, આરોપી લોખંડનો તાવીતો લઈ આવી તેના વડે ફરીયાદીને કમરાના ભાગે મારી સ્વેચ્છાપુર્વક વ્યથા પહોચાડી,

જાનથી મારી નાંખવાની ધમકી આપી, મે. પોલીસ કમીશનરશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આરોપી આમીરખાન તથા કાયદાના સંઘર્ષમાં આળ કિશોશે સમાન હેતુથી એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કો.ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## કા ર ણો

(૮) ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદીની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા તેઓએ ફરીયાદ હકીકતને બીલકુલ સમર્થન કરેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી પરવાનગીથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા ફરીયાદ પક્ષને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત જણાવેલ નથી. જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં આરોપી તેઓને ગાળો બોલેલ નથી, કે તાવીડો કમરના ભાગે મારી કરેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમ જણાવેલ છે અને તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોના સમર્થનમાં ફરીયાદી કે અન્ય કોઈ સાહેદનું સમર્થન મળતું નથી જેથી ગુનાને સાંકળતી કડી પુરવાર થતી નથી.

ઉપરોકત સંજોગો,રજુ થયેલ પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે સાબીત કરવામાં સદંતર નીષ્ફળ ગયેલ હોઈ ઉપરોકત મુદ્દા નં.૧નો જવાબ ''નકારમાં'' આપી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૧). આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આરોપીએ આપેલ જામીન અપીલ પીરીયડ સુધી લંબાવવામાં આવે છે.

ચુકાદો આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ<br>
તા.૧/૭/૨૦૨૨

(એચ.એસ.દવે)<br>
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નં.૨, અમદાવાદ<br>
જી.જે.૦૦૦૬૯૩